# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/205 Dt. 10/11/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા MSME એકમો માટે 'કોસ્ટ એન્ડ કોમ્પીટિટીવનેસ' વિષે વર્કશોપ યોજાયો

## ઉદ્યોગોને માર્કેટ, ટેકનોલોજી અને સ્કીલ સંબંધિત જે કઇ મુશ્કેલીઓ આવી રહી છે તેની માહિતી તથા મુશ્કેલીઓના નિવારણ માટે ઉદ્યોગ સાહસિકોના સૂચનો લેવાઇ રહયા છે, આ સંદર્ભે ડોકયુમેન્ટ બનાવવામાં આવશે અને તેના આધારે ઉદ્યોગો માટે યોગ્ય પોલિસીનું નિર્માણ કરવામાં આવશે : સુશ્રી અંકિતા પાંડે

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૩૦ કલાકે સેમિનાર હોલ– એ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, સરસાણા, સુરત ખાતે MSME એકમો માટે 'કોસ્ટ એન્ડ કોમ્પીટિટીવનેસ' વિષે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવી દિલ્હીથી ભારત સરકારના માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝીસ વિભાગના ડિરેકટર સુશ્રી અંકિતા પાંડે તથા અમદાવાદ સ્થિત MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના જોઇન્ટ ડિરેકટર શ્રી મનોજ કુમાર વત્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્પર્ધામાં ટકવા માટે MSME ઉદ્યોગોએ ખર્ચમાં ઘટાડો અને કાર્યક્ષમતા વધારવી અત્યંત આવશ્યક છે. ચેમ્બર હંમેશા ઉદ્યોગકારોના હિતમાં

વિવિધ કાર્યક્રમોના આયોજનની પ્રવૃત્તિઓ ચાલુ રાખશે અને MSME ક્ષેત્રના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે.

ભારત સરકારના MSMEના ડિરેકટર સુશ્રી અંકિતા પાંડેએ જણાવ્યું હતું કે, ઉદ્યોગકારો ડોમેસ્ટીક અને ગ્લોબલ માર્કેટમાં સારું પરફોર્મન્સ કરી રહયા છે, પરંતુ તેઓ વૈશ્વિક કક્ષાએ હજી સારું યોગદાન આપી શકે તેમ છે. MSMEના અધિકારીઓ વિવિધ કલસ્ટરમાં જઇને ઉદ્યોગ સાહસિકોને કયા કયા પ્રકારની મુશ્કેલીઓ આવી રહી છે એના વિષે માહિતી મેળવી રહયા છે. ઉદ્યોગોને માર્કેટ, ટેકનોલોજી અને સ્કીલ સંબંધિત જે કઇ મુશ્કેલીઓ આવી રહી છે તેના વિષે તથા તેના નિવારણ માટે ઉદ્યોગ સાહસિકોના સૂચનો પણ લેવાઇ રહયા છે. આ સંદર્ભે ડોકયુમેન્ટ બનાવવામાં આવશે અને તેના આધારે ઉદ્યોગો માટે યોગ્ય પોલિસીનું નિર્માણ કરાશે.

અમદાવાદ સ્થિત MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના જોઇન્ટ ડિરેકટર શ્રી મનોજ કુમાર વત્સએ સુરતના ઉદ્યોગ સાહસિકોને બિઝનેસમાં કોસ્ટ મેનેજમેન્ટ અને સ્પર્ધાત્મકતા જાળવવા માટે મલ્ટીપલ મેન્યુફેકચરીંગ યુનિટ લગાવવાની સલાહ આપી હતી. તેમણે કન્સલ્ટેશન નોટમાં ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયમાં પડી રહેલી મુશ્કેલીઓ અને તેના નિવારણ અંગેની માહિતી આપવા અનુરોધ કર્યો હતો.

ફિકકી– CMSMEના પ્રમુખ શ્રી ગિરીશ લુથરા, સુરત જ્વેલરી મેન્યુફેકચરર્સ એસોસીએશનના પ્રમુખ શ્રી અમિત કોરાટ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરતના જોઇન્ટ કમિશનર શ્રી જે.બી. દવેએ સુરતના ઉદ્યોગ સાહસિકોને નીતિ આયોગના રોડમેપ વિષે જાણકારી આપી હતી.

ચેમ્બરની MSME કમિટીના ચેરમેન સીએ મનિષ બજરંગે સમારોહનું સંચાલન કરી વર્કશોપમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સાથે જ ઓપન હાઉસ ડિસ્કશનમાં સવાલ – જવાબ સેશનનું સંચાલન કર્યું હતું.

વર્કશોપ દરમ્યાન ટેકનિકલ સેશન યોજાયું હતું, જેનું સંચાલન અમદાવાદના એમએસએમઇ ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના આસિસ્ટન્ટ ડિરેકટર શ્રી બ્રિજેશ કુમાર સ્વર્ણકરે કર્યું હતું.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતીએ ટેકનિકલ સેશનમાં ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત જાણકારી આપી હતી.

ગુજરાત અને રાજસ્થાનના નેશનલ એસસી એસટી હબના ઇન્ચાર્જ શ્રી કુલદીપ સિંઘ રાજપુતે એસસી એસટી ઉદ્યોગ સાહસિકો માટે સરકારની વિવિધ યોજનાઓ વિષે માહિતી આપી હતી.

અમદાવાદના MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના આસિસ્ટન્ટ ડિરેકટર શ્રી ઉમેશ શર્માએ MSME મંત્રાલયની ઉદ્યોગ સાહસિકો માટેની વિવિધ યોજનાઓ વિષે જાણકારી આપી હતી. બીએમડી કન્સલ્ટન્સીના પ્રોપરાઇટર શ્રી તિપુલ માંગુકિયાએ ZED અને MCLS સ્કીમ વિષે માહિતી આપી હતી.

સિડબીના ડીજીએમ શ્રી આકાશ સુમને GIFT અને SPICE સ્કીમ્સ વિષે જાણકારી આપી હતી. બેંક ઓફ બરોડાના ડીજીએમ શ્રી નિર્મલ પટેલે MSME ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવતા ફાયનાન્સ વિષે માહિતી આપી હતી.

ડીજીએફટીના આસિસ્ટન્ટ શ્રી પ્રેમકુમાર સોનકુસરેએ ભારતની ફોરેન ટ્રેડ પોલિસી અને ઇન્ડિયા – યુકે સેટા વિષે ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત માહિતી આપી હતી.

જીએસટી સુરતના જોઇન્ટ કમિશનર સુશ્રી કે.જી. ઠકકરે વ્યવસાયિકોને જીએસટી સંદર્ભે માહિતી આપી હતી. એસએલબીસીના સુશ્રી વીના કે. શાહે MSME વ્યવસાયિકોને સંબોધ્યા હતા.

જીપીસીબી સુરતના રિજીયોનલ ઓફિસર શ્રી અરૂણ પટેલે ઉદ્યોગકારોને ઉદ્યોગ અને પર્યાવરણ સંબંધિત બાબતો વિષે માર્ગદર્શન આપ્યું હતું. બીઆઇએસ સુરતના જોઇન્ટ ડિરેકટર શ્રી નિખિલ રાજે બીઆઇએસ વિષે માહિતી આપી હતી. પાવરલુમ સર્વિસ સેન્ટર સુરતના આસિસ્ટન્ટ ડિરેકટર શ્રી નિલય પંડયાએ ટેક્ષ્ટાઇલ મંત્રાલયની વિવિધ યોજનાઓ વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્‌ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી નિરવ માંડલેવાલા, ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ વર્કશોપમાં ઉપસ્થિત રહયા હતા. ઉદ્યોગ સાહસિકોના MSME સંબંધિત વિવિધ સવાલોના અધિકારીઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ વર્કશોપનું સમાપન થયું હતું.